# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સીધી ભરતીની જા. ક્ર.૩૪૯/૨૦૨૫૨૬

## મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગમાં પરીક્ષા પદ્ધતિ અંગેની સૂચના

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળના કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર હસ્તકના મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર તથા ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના સેનેટરી સબ ઈન્સ્પેક્ટર ,વર્ગ-૩ સંવર્ગની **કુલ-૧૭૩** જગ્યાઓ સીધી ભરતીથી ભરવા તા.૨૬/૦૮/૨૦૨૫ ના રોજ **જા.ક્ર.૩૪૯/૨૦૨૫૨૬** તથા તા:૨૦/૦૭/૨૦૨૬ના રોજ જગ્યા વધારા અંગેની સુધારા જાહેરાત પ્રસિદ્ધ કરીને **ઓનલાઈન અરજીપત્રકો સ્વીકારવાનો સમયગાળો તા.૨૦/૦૭/૨૦૨૬ (સમય બપોરના ૧૪-૦૦ કલાક) થી તા.૨૬/૦૭/૨૦૨૬ (રાત્રિના ૨૩-૫૯ કલાક) દરમિયાન નિયત** કરવામાં આવેલ હતો.

વધુમાં, જા.ક્ર.:૩૪૯/૨૦૨૫૨૬, મ્યુનિસિપલ સેનેટરી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગની **તા:૨૫/૦૮/૨૦૨૫**ના રોજ મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહે છે.

**(૧)** જાહેરાતના **મુદ્દા નં. ૧૩ (૩) માં દિવ્યાંગતા પ્રમાણપત્ર** બાબતે નીચે મુજબની અદ્યતન જોગવાઈનો સમાવેશ કરવામાં આવે છે.

### ૧૩. દિવ્યાંગ ઉમેદવારો:-

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2માં નિયત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા બદલાતા સંજોગોમાં સા.વ.વિ. ના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ **અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા:૧૫/૧૨/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક:HFWD/MSM/e-file/7/2024/1833/A થી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારના પરામર્શમાં દિવ્યાંગતાના પ્રમાણપત્રો નિયત કરવામાં આવેલ છે. આથી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા ઉક્ત પરીપત્રથી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ કક્ષાએથી મેળવેલ દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.**

**(૨)** જાહેરાતના **મુદ્દા નં. ૨૧: પરીક્ષા પદ્ધતિ** બાબતે નીચે મુજબની અદ્યતન પરીક્ષા પદ્ધતિનો સમાવેશ કરવામાં આવે છે.

### ૨૧. પરીક્ષા પદ્ધતિ:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/ ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અને **સા.વ.વિ.ના તા:૧૬/૧૨/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક** થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી MCQ (Multiple Choice Question) પ્રકારના પ્રશ્નોવાળી CBRT/OMR (Computer Based Respose Test/ Optical Mark Recognisation પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. આ પ્રશ્નપત્રના

Part-A અને Part-B નું માળખું નીચે મુજબ રહેશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

Part – A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

Part – B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૯૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

જાહેરાત ક્રમાંક : ૩૪૯/૨૦૨૫૨૬ અન્વયે ઉપર દર્શાવેલ સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઈઓ/બાબતો **તા.૨૫/૦૮/૨૦૨૫** ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ મૂળ જાહેરાત તથા **તા:૨૦/૦૭/૨૦૨૬** ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ સુધારા જાહેરાતમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

**તારીખ: ૦૬/૧૦/૨૦૨૬** — **સચિવ**

**સ્થળ: ગાંધીનગર** — **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**